# સૂર્યસેન ઉર્ફે માસ્તરદાની એક સત્યઘટના...

**બંગાળના એક નાનકડા ગામ ચિત્તાગોંગમાં એક યુવાન એવો હતો જેને ધોળા ભેડિયાઓ સામે માથું ઝુકાવીને ડંડા ખાવાનું પસંદ નહોતું. એના લોહીમાં જ નહોતું. એનું નામ સૂર્યસેન. ઊંચાઈ શારીરિક અને બૌદ્ધિક રીતે સારી એવી. શરીર એકવડિયું પણ ઈરાદાઓ મજબૂત. વર્ણે શ્યામ પણ ચહેરા પર દેશ માટે કંઈ કરવાની ઈચ્છાનો અંગારો.**



૧૯૩૦ની ચિત્તાગોંગના શસ્ત્રાગારની લૂંટની એ શકવર્તી ઘટના દર્શાવતી એક પ્રતીકાત્મક તસવીર

**રાજ ભાસ્કર.** aarpar@gmail.com

૧૯૩૦ના માર્ચ મહિનાની ઉનાળુ ધરતી જેટલી ગરમી નહોતી કાઢતી એનાથી વધારે ગરમી ભારતની જનતાના ઉચ્છ્વાસમાં બહાર ફેંકાઈ રહી હતી. જનતાના હૃદયમાં અંગ્રેજોએ ઘડેલા મીઠાના કાયદા વિરુદ્ધનો બળાપો હતો, આંખોમાં એ કાયદાની ઐસી તૈસી કરવાનું ઝનૂન અને હાથમાં 'અહિંસા' નામનું અમોઘ હથિયાર હતું. ૧૨મી માર્ચે ગાંધીજીએ દાંડીયાત્રા શરૂ કરી. મીઠાના કાયદાનો કચ્ચરઘાણ કાઢી નાંખવા માટે દેશના ખૂણે-ખૂણેથી, ગલી-મહોલ્લેથી, ઘેર-ઘેરથી, ઓરડે ઓરડેથી દેશપ્રેમી સ્વયંસેવકોની ટોળી નીકળી પડી હતી. કોઈ એવું નગર નહોતું, કોઈ એવું ગામ નહોતું, કોઈ એવો મહોલ્લો નહોતો જ્યાં મીઠાના કાયદાનો વિરોધ ના કરાયો હોય. પણ બધું જ' અહિંસા'ની પીઠ પર સવાર હતું. જનતા માત્ર લાઠી જ નહીં પણ ગોળી પણ ખાઈ રહી હતી પણ એમનું અહિંસા નામનું હથિયાર હેઠું મુકીને હિંસા કરવા તૈયાર નહોતી.

પણ બંગાળના એક નાનાકડા ગામ ચિત્તાગોંગમાં એક યુવાન એવો હતો જેને ધોળા ભેડિયાઓ સામે માથું ઝુકાવીને ડંડા ખાવાનું પસંદ નહોતું. એ એના લોહીમાં જ નહોતું. એનું નામ સૂર્યસેન. ઉંચાઈ શારીરિક અને બૌદ્ધિક બંને રીતે સારી એવી. શરીર એકવડિયું પણ ઈરાદાઓ મજબૂત. વર્ણે સહેજ શ્યામ પણ ચહેરા પરથી હંમેશાં દેશ માટે કંઈ કરી છૂટવાની ઈચ્છાનો લાલઘૂમ સૂરજ અંગારા વરસાવ્યા કરે. કર્મે શિક્ષક એટલે ગામ આખું એમને માસ્તરદા કહીને સંબોધે.

આ યુવકના મગજમાં લોહી કરતાં ક્રાંતિકારી વિચારો વધારે વહેતા હતા. હંમેશાં હૃદયમાં સ્વતંત્રતા માટેની આગ ધખ્યા કરતી. એ કહેતાઃ દેશ ગાંધીજીના

સત્યાગ્રહોથી નહીં પણ તમંચાઓ અને ગોળીઓથી જ આઝાદ થઈ શકશે. ધોળિયાઓને જોઈને કોણ જાણે કેમ એમની નસો ફાટ ફાટ થઈ જતી. સૂતાં, બેસતાં, ખાતાં, પીતાં હંમેશાં એમના મનમાં અંગ્રેજોને કઈ રીતે ભગાડવા એ માટેના વિચારોનું ઘમસાણ યુદ્ધ ચાલ્યા કરતું. અને એક દિવસ એમણે એક ભયંકર યોજના ઘડી કાઢી. ગામના લગભગ છપ્પન નવોલોહિયા દેશભક્તોની ટોળી બનાવી અને અંગ્રેજોનું જ શસ્ત્રાગાર લૂંટીને એમની જ છાતી વીંધવાની યોજના બનાવી.

થયા હતા તો માત્ર હજુ રાતના સાડા નવ જ . તેમ છતાં આખું ગામ ઘોંટી ગયું હતું. ઘેરો અંધકાર આખાયે ચિત્તાગોંગ પર કાળી ચાદર બનીને પથરાઈ ગયો હતો. માસ્તરદાની સેના ચાર અલગ અલગ ટુકડીઓમાં વહેંચાઈ ગઈ હતી. માસ્તરદા એના સરદાર હતા. એમની યોજના અભૂતપૂર્વ હતી. એક જ સમયે ચાર અલગ અલગ જગ્યાએ ધાડ પાડવાની હતી. એક ટુકડી પહોંચી ટેલિફોન એક્સચેન્જ પર, બીજી પોલીસલાઇન પર, ત્રીજી રેલવેલાઇન પર અને સૌથી મોટી અને ચોથી ટુકડી પહોંચી શાસ્ત્રાગાર પર. અને બરાબર દસના ટકોરે ટુકડીઓએ એક સાથે ચારે ચાર જગ્યા પર હુમલો કરી દીધો. ટેલિફોનના મહત્ત્વના વાયરો કાપી નાંખ્યા જેથી શાસ્ત્રાગારની લૂંટની ખબર અંગ્રેજો એક જગાએથી બીજી જગાએ ના પહોંચાડી શકે. રેલવેના પાટા પણ ઉખાડી નાંખ્યા,પોલીસ સ્ટેશન પર પણ હુમલો કરી દીધો અને શાસ્ત્રાગાર પર પણ તૂટી પડ્યા. જે સામે થયું એને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યું.

અડધા કલાકમાં તો આખું શાસ્ત્રાગાર લુંટાઈ ગયું. શસ્ત્રો લૂંટીને માસ્તરદાની ટુકડીઓ અંધારામાં અલોપ થઈ જવા પહાડની ગોદમાં સરકી ગઈ. ચારે તરફ હાહાકાર મચી ગયો હતો. ધૂંધવાઈ ગયેલા અંગ્રેજોએ માસ્તરદાની ટુકડીને પકડવા માટે ચારે તરફ પોલીસો દોડાવ્યા. નગરના ખૂણે-ખૂણે, પહાડોની ગોદમાં અને જંગલોની ગીચતામાં અંધારા ચાતરીને પોલીસની ટુકડીઓ માસ્તરદાની ટુકડીને શોધવા લાગી. પણ માસ્તરદા જાણે હવામાં અદશ્ય થઈ ગયા હતા. પોલીસને અંધારા અને હતાશા સિવાય કશું જ હાથ ના લાગ્યું.

આ લૂંટમાં જિલ્લા મેજિસ્ટ્રેટ સહિત અનેક અંગ્રેજોનો ખાતમો બોલી ગયો હતો અને જે અંગ્રેજો બચ્યા હતા એમણે અડધી રાત માથે લઈને ચિત્તાગોંગ છોડી દેવું પડ્યું હતું. માસ્તરદાની ટુકડીએ પહેલું પગથિયું સુખરૂપ પાર કરી દીધું હતુ. અંગ્રેજોએ દેશ તો ના છોડ્યો પણ થોડા સમય માટે ચિત્તાગોંગ જરૂર છોડી દીધું. ચિત્તાગોંગ હવે સ્વતંત્ર હતું. અંગ્રેજો ચાલ્યા ગયા અને પોલીસની ભીંસ ઓછી થઈ એટલે માસ્તરદાની ટુકડીએ દેખા દીધી. માસ્તરદાના પરાક્રમને લીધે ચિત્તાગોંગ સ્વતંત્ર બની ગયું હતું. આખું ગામ સૂર્યસેન અને ભારત માતા કી



**કલ્પના દત્તા**



**પ્રીતિલતા વાડેદાર**



**માસ્ટરદા સૂર્યસેન**

જયના ગગનભેદી નારાઓથી ગુંજી ઊઠ્યું. લોકોએ સૂર્યસેનની વાહવાહીથી વાતાવરણ તરબતર કરી દીધું. સૂર્યસેન પ્રત્યેનો એમનો પ્રેમ બતાવવા માટે એમને એ અસ્થાયી સરકારના પ્રધાન પણ બનાવી દેવામાં આવ્યા.

પણ આ ધોળા ભેડિયાઓ એમ ગાંજ્યા જાય એમ નહોતા. ચિત્તાગોંગના આભમાં ઉગેલું સૂર્યસેન નામનું અજવાળું હજુ એના મળસકામાંથી બહાર આવે એ પહેલાં જ ગામની દશે દિશાઓ ધણધણી ઊઠી. અંગ્રેજ સૈનિકોનો એક આખો કાફલો ચિત્તાગોંગ પર તૂટી પડ્યો હતો. જ્યારે ગોળીઓથી કામ ના બન્યું એટલે ગામ પર તોપનો મારો ચલાવવામાં આવ્યો. આખરે માસ્તરદા અને એમની ટુકડીએ ભાગવું પડ્યું.

**આ લૂંટમાં જિલ્લા મેજિસ્ટ્રેટ સહિત અનેક અંગ્રેજોનો ખાતમો બોલી ગયો હતો અને જે અંગ્રેજો બચ્યા હતા એમણે અડધી રાત માથે લઈને ચિત્તાગોંગ છોડી દેવું પડ્યું હતું. માસ્તરદાની ટુકડીએ પહેલું પગથિયું પાર કરી દીધું હતું.**

અંગ્રેજ સેના એમની પાછળ પડી. અંધારાને ચીરતી માસ્તરદાની ટુકડી આગળ અને ભેડિયાઓ પાછળ. પહાડીઓ ગોળીઓના ધણધણાટથી ગુંજી ઊઠી. બે ક્રાંતિકારીઓ પકડાઈ ગયા. અર્ધેન્દુ અને ગણેશ ઘોષ નામના બે ક્રાંતિકારીઓ પકડાઈ ગયા અને સૂર્યસેન તથા બાકીના અન્ય યુવકો હવામાં ઓગળી ગયા.

માસ્તરદાનો પત્તો મેળવવા અંગ્રેજોએ અર્ધેન્દુ અને ગણેશ ઘોષ પર અમાનુષી અત્યાચાર ગુજાર્યો. પણ એ બંનેના મોઢામાંથી માસ્તત્દા વિશે એક હરફ સુધ્ધાં ના ઓકાવી શક્યા અને એ જ અત્યાચાર સહન કરતા કરતા બંને ક્રાંતિકારીઓ ભારત માતા કાજે શહીદ થઈ ગયા.

માસ્તરદા વિશે એવું કહેવાતું કે એ જાદુગર હતા. તમે સામે જ જોયા હોય અને પલકારો મારો એટલીવારમાં તો ગાયબ થઈ જાય. એ વેશ બદલીને ફરતા રહ્યા. અંગ્રેજો વિરુદ્ધ અનેક યોજનાઓ બનાવતા ગયા અને એને અંજામ પણ આપતા ગયા. ગુપ્ત અવસ્થા દરમિયાન એમણે ચિત્તાગોંગની પોલીસને ડાઇનેમાઇટથી ઉડાવી દેવાનું કાવતરું ઘડી કાઢ્યું હતું પણ એ યોજનાનો અમલ થાય એ પહેલા જ એનો ભેદ ખૂલી ગયો અને યોજના નિષ્ફળ રહી.

અંગ્રેજોએ આકાશ પાતાળ એક કરી નાંખ્યું પણ એમનાં નાડાં ઢીલા કરી નાંખનાર આ ક્રાંતિકારી ક્યાંય શોધ્યોય નહોતો મળતો. આખરે એમણે માસ્તરદાને પકડી લાવનારને અથવા એની ખબર આપનારને પાંચ હજાર રૂપિયાનું ઇનામ આપવાની જાહેરાત કરી. પણ કોની છાતીમાં એટલું મજબૂત દિલ હતું કે એ માસ્તરદાને પકડવાની કે પકડાવવાની હિંમત કરી શકે . અંગ્રેજોની એ ચાલ પણ નિષ્ફળ રહી.

૧૯૩૩માં એક વાર માસ્તરદાની ટુકડી અને પોલીસ સામસામે આવી ગયા. સામસામે બંદૂકોના ધડાકા થવા લાગ્યા. વાતાવરણ ગોળીઓની ધણધણાટીથી ગુંજી ઊઠ્યું. પણ આ વખત માસ્તરદા છટકી ના શક્યા. એમની ધરપકડ થઈ.

કહેવાય છે કે નેત્રસેન નામના એક વ્યક્તિએ પૈસાની લાલચમાં માસ્તરદા અને એમના સાથીઓનું ઠેકાણું પોલીસને જણાવી દીધું હતું પણ એને આ દગાની કિંમત જરૂર ચુકવવી પડી. સરકારે એને પાંચ હજારનું ઇનામ આપીને નવાજ્યો પણ અન્ય ક્રાંતિકારીઓએ એની છાતીમાં પાંચ ગોળીઓ ધરબી દીધી. ૧૯૩૪ની ૧૨મી જાન્યુઆરીએ માસ્તરદાને ફાંસી આપી દેવામાં આવી. એ હસતે મુખે ફાંસીએ ચડી ગયા પણ ચિત્તાગોંગના માણસો સહિત એનાં ઝાડ,પાન, ફળ ફૂલ પણ એ દિવસે પોક મૂકી મૂકીને રડ્યાં. કેમ ના રડે? આ માસ્તરદાએ તો એમને આકરી ગુલામીમાં, આખોયે દેશ અંગ્રેજોની મુઠ્ઠીમાં હતો ત્યારે એક દિવસની સ્વતંત્રતાનો સ્વાદ ચખાડ્યો હતો.